ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યની ચૂંટણીનો તખ્તો હવે ત્રણ દિવસ દિલ્હીમાં

## ભાજપ અને કોંગ્રેસના નીરીક્ષકોની મુલાકાતો પૂર્ણ થતાં ઉમેદવારોની ફાઈનલ યાદી હવે દિલ્હીથી જાહેર થશે





ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓનો જંગ જામતો જાય છે. પ્રચાર અભિયાન તેજ બન્યુ છે. જો કે હજુ બંને મોટા રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો જાહેર કર્યા ન હોવાથી કોને ટીકીટ મળશે તેનુ ઉત્સુકતા જળવાઈ રહી છે. કઈ સીટ પર કોને ટીકીટ મળશે તેનો ફેંસલો હવે સીધો દિલ્હીથી જ થશે. આગામી ૯-૧૦ નવેમ્બરના રોજ બંને મોટા રાજકીય પક્ષો દિલ્હીથી પોતાના ઉમેદવારો જાહેર કરે તેવી સંભાવના છે.

આગામી ૧લી અને ૫ મી ડિસેમ્બરે નવી સરકારની રચના માટે મતદાન યોજાશે. ગુજરાત વિધાનસભાની ૧૮૨ સીટો પર કયા કયા ઉમેદવારોને ટીકીટ મળશે તે રહસ્ય પરથી બે-ત્રણ દિવસમાં જ પડદો ઉંચકાઈ જશે.

ત્રીજા પક્ષ તરીકે આ વખતે ચૂંટણી જંગમાં ઉતરેલા આમ આદમી પાર્ટીએ ઉમેદવારો બાબતે પોતાની સ્ટ્રેટેજી લગભગ નક્કી કરી રાખી છે. સીએમ પદના ચહેરા તરીકે ઈશુદાન ગઢવીને જાહેર કર્યા છે. તો વિવિધ બેઠકો પરના ઉમેદવારોની જાહેરાત પણ તબક્કાવાર થઈ રહી છે. પરંતુ હજુ સુધી બંને મોટા રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો જાહેર કર્યા નથી. ભારતીય જનતા પાર્ટીએ સેન્સ પ્રક્રિયા હાથ ધરી કઈ બેઠક પર કયા ઉમેદવારને ઉભા રાખવા તેની ગણતરી કરી લીધી છે. નીરિક્ષકો-પરીક્ષકોએ પોતાનુ કામ પુર્ણ કરી લીધુ છે. અમીત શાહે કમલમ્ ખાતે મેરેથોન બેઠકો યોજી ઉમેદવાર પસંદગીની ફાઈનલ યાદી તૈયાર કરી લીધી હોવાનુ કહેવાય છે. હવે બે-ત્રણ દિવસમાં જ દિલ્હીથી ઉમેદવારોની યાદી જાહેર થશે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દિલ્હી જવા રવાના થઈ રહ્યા છે. દિલ્હીમાં પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાશે જેમાં ઉમેદવારોની

● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર જાહેર પ્રચાર અભિયાન અગ્રેસર

## પક્ષોને ઉમેદવાર જાહેર કરવામાં અસંતોષની આગ દેખાય છે : પહેલીવાર ચૂંટણી સંગઠન આધારિત વધુ જોવા મળશે

ગાંધીનગર, તા. ૭

રાજ્ય વિધાનસભામાં ચૂંટણીઓની પ્રક્રિયા પ્રારંભ થઈ ચુકી છે. પરંતુ રાજકીય પક્ષો દ્વારા હજુ ઉમેદવારો જાહેર ન થતાં ચૂંટણી પ્રક્રિયામાં પ્રચારના ૧૩ દિવસનો સમયગાળો જ મળવાનો હોવાથી કાર્યકરો પણ અવઢવની સ્થિતિમાં છે.

ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સંપન્ન થઈ ગઈ છે અને નવમીએ મોડી રાત્રે તેના ઉમેદવારોની પસંદગીની જાહેરાત થશે તેમ મનાઈ રહ્યુ છે.

કોંગ્રેસ પક્ષે ૪૩ ઉમેદવારોની જાહેરાત કરી છે જ્યારે આમ આદમી પાર્ટીએ ૧૩૦ થી વધુ ઉમેદવારોના નામની ઘોષણા કરી દીધી છે.

ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અત્યારે જાહેર પ્રચાર અભિયાન પર વધુ ભાર મુકી રહી છે. જો કે ભાજપ-કોંગ્રેસે તેના ઉમેદવારોના ખર્ચમાં પ્રચારનો ખર્ચ વધી ના જાય તે માટે જાહેર પ્રચાર પર વધુ ભાર મુક્યો છે.

ભાજપ-કોંગ્રેસમાં ઉમેદવારોની જાહેરાત થતાં જ બળવાનો ભય સતાવી રહ્યો છે. આમ આદમી પાર્ટીમાં પણ ઉમેદવારો સામેનો અસંતોષ વધી રહ્યો છે અને કાર્યકરોએ ધરણાના કાર્યક્રમો કરવા પડ્યા તેમજ રાજીનામા સુધીનો રાજકીય ઘટનાક્રમ જોવા મળ્યો છે. એટલે ચૂંટણીના મુખ્ય પ્રતિસ્પર્ધી રહેલા ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની જાહેરાતને હાલ ટાળી રહ્યાનું તેમના જ પક્ષના સૂત્રો કહી રહ્યા છે.

આ વખતે ચૂંટણીના ઉમેદવારોને ચૂંટણીનું મેનેજમેન્ટ ગોઠવવામાં કે અન્ય તૈયારીઓ માટેનો સમય ઓછો મળશે. આ ઉપરાંત પહેલી વખત ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર અભિયાનને બદલે જાહેર પ્રચાર પર જ વધુ આધારિત રહેશે.

જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠકો પર સંભવિતો દ્વારા ખાટલા બેઠકો, ખાનગી બેઠકો તેમજ મિત્ર મંડળની રાજનીતિનો તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ વખતની ચૂંટણીમાં મિત્રમંડળની રાજનીતિ વધુ છવાયેલી રહેશે તેમ મનાઈ રહ્યુ છે. રાજકીય વિશ્લેષકો પણ આ વખતની ચૂંટણીની ચહલ-પહલોનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા છે. આ વખતની ચૂંટણી મુદ્દા આધારિત બનશે કે ઉમેદવાર આધારિત કે પછી સંગઠન આધારિત તેને લઈ ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

આ વખતે અમે ફ્રન્ટ રનર છીએ તેવો દાવો કોઈ કરતુ નથી એટલુ જ નહિ બધાજ પક્ષો તેમના ૧૨ દિવસના રાજકીય દાવપેચ છાતી સરખા રાખી ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે.

પક્ષો દ્વારા જાહેર પ્રચાર અભિયાનમાં પણ મતદારોના સંપર્ક પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. મતદારોના સંપર્કની સાથે સાથે આગામી દિવસોમાં કઈ રાજનીતિ આકાર લેશે તે તો સમય જ કહી શકશે.

જો કે રાત ઓછી અને વેશ ઝાઝા જેવી સ્થિતિ પ્રજા જોઈ રહી છે. મતદારો પણ હાલ પક્ષ કે મુદ્દાઓ કે ઉમેદવારોને લઈ તેમના પ્રતિભાવ આપવાનું ટાળી અને ચાલી રહેલ રાજનીતિને માણવાનું પસંદ કરી રહ્યા છે.

# @-ઈલેક્શન

- ભાજપના ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દિલ્હી જઈ રહ્યા છે.
- દિલ્હી ખાતે ૯ અને ૧૦ નવેમ્બરે યોજાનાર કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠકમાં ભાજપના ઉમેદવારો અંગે નિર્ણય કરાશે.
- પાટીદાર આંદોલન સમિતિના અગ્રણી અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા 'આપ'માંથી ચૂંટણી લડશે. અનુક્રમે અલ્પેશ કથીયીયા વરાછા અને ધાર્મિક માલવિયા ઓલપાડ બેઠક પરથી ઉમેદવારી નોંધાવશે. આમ આદમી પાર્ટીએ વધુ ૧૨ ઉમેદવારોની જાહેરાત કરી.
- ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા 'મેં બનાવ્યું ગુજરાત' કેમ્પેન લોન્ચ કરાયું. "આ ગુજરાત મેં બનાવ્યું."
- લોકનીતિ અને સીએસ-ડીસી ના સર્વેમાં મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાને ૭૦ ટકા લોકોએ ગંભીર જણાવેલ છે.
- અરવિંદ કેજરીવાલે રાજકોટ ગ્રામીણ, કાલાવાડ અને જેતપુરમાં 'રોડ શૉ' યોજ્યો હતો.
- કેન્દ્રિયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ વાગોડીયા ખાતે મધુશ્રી વાસ્તવ સહિત સંભવિત ઉમેદવારો સાથે ચર્ચા કરી.
- પંજાબના મુખ્યમંત્રી ભગવતમાન છોટા ઉદેપુર, દેવગઢ બારીયા અને લીમખેડા ખાતે 'રોડ શૉ' યોજ્યા હતા.
- જે.ડી.યુ. અને બીટીપી વચ્ચે સમજુતિ થતાં નિતીશકુમાર ગુજરાતની ચૂંટણીમાં પ્રવેશ કરશે.
- ગુજરાતી લોકગાયક જીગ્નેશ કવીરાજે ખેરાલુમાંથી અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત કરી.
- શક્તિસિંહ ગોહિલે ભાજપના કેમ્પેઈન સ્લોગન સામે કટાક્ષ કરતા કહ્યું 'મેં બનાવ્યુ ગુજરાત' ભાજપનુ અભિમાન છે.
- ગુલામનબી આઝાદે ગુજરાતમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચે સીધી લડાઈ છે એવુ નીવેદન આપ્યુ.
- સીદસર ઉમિયાધામના પ્રમુખ જયરામભાઈ પટેલે રાજકોટ પશ્ચિમની બેઠક કડવા પાટીદાર સમાજને ફાળવવાની માંગણી કરી.
- ૧૦ ટકા આર્થિક અનામતની સુપ્રિમની મંજૂરીને ત્રણેય પક્ષોએ આવકારી.
- આજે ગુજરાતને વધુ એક રાજકીય પક્ષની ભેટ મળશે.

# આજે જિલ્લાની પાંચ બેઠકો માટે ઈવીએમનું રેન્ડમાઈઝેશન કરી ફળવાશે

ગાંધીનગર, તા. ૭

આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ જિલ્લાની પાંચેય બેઠકો માટેના ઈ.વી.એમ.ના રેન્ડમાઈઝેશનની કામગીરી વેરહાઉસ ખાતે યોજવામાં આવી છે.

જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી વ કલેક્ટરની ઉપસ્થિતિમાં આ રેન્ડમાઈઝેશન યોજવામાં આવશે. આ રેન્ડમાઈઝેશનની કામગીરી કોમ્પ્યુટરથી કરવામાં આવશે.

આ રેન્ડમાઈઝેશનની કામગીરી સંપન્ન થયા બાદ વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારીઓ દ્વારા તે ઈ.વી.એમ. તેમના સ્ટ્રોંગરૂમ ખાતે લઈ જશે અને ત્યાં સ્ટ્રોંગરૂમ સીલ કરવામાં આવશે. આ પછી મતદાન માટે જ્યારે પોલિંગ પાર્ટીઓને રવાના કરવાના હશે ત્યારે જ ખોલવામાં આવશે.

રેન્ડમાઈઝેશન માટેનો સંપૂર્ણ તખ્તો જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓને વેગીલી કરી દેવામાં આવી છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા પણ પોલિંગ પાર્ટીઓ માટેની કીટો તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત મતદાન મથકોની સુવિધાઓની ચકાસણીની કામગીરી સંપન્ન કરી દેવામાં આવી છે.

ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની આડે હવે ૭૨ કલાક જેટલો સમય પણ માંડ બચ્યો છે ત્યારે તંત્ર દ્વારા તૈયારીઓ વેગીલી કરવામાં આવી છે.

૨૦મી નવેમ્બર પછી કર્મયોગીઓને તાલિમ આપવાનો પણ કાર્યક્રમ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ માટેના માસ્ટર્સ ટ્રેનર્સ પણ તૈયાર કરવામાં આવ્યા છે. આજે માસ્ટર્સ ટ્રેનર્સને પણ તાલિમ આપવાનું આયોજન હતુ.

તંત્રમાં નવી ભરતી વધુ હોવાથી આ વખતે તાલિમનું મહત્વ વિશેષ રહેશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# આજે ગાંધીનગર (ઉ) વિધાનસભામાં કોંગ્રેસની પરિવર્તન સંકલ્પયાત્રા ફરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાં આજે કોંગ્રેસ દ્વારા પરિવર્તનયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.

શહેર પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલા તેમજ જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે પેથાપુર અંબાજી માતાના દર્શન કરી આશિષ મેળવ્યા બાદ આ યાત્રાનો પ્રારંભ થશે. યાત્રાના આરંભે મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

આ યાત્રા પેથાપુરથી નીકળી પીંપળજ, પીંડારડા, ઉનાવા, વાસણ, રાંધેજા, રૂપાલ, સોનીપુર, સરઢવ, જલુંદ, મોટી આદરજ, કોલવડા થઈ વાવોલ ૧૨.૩૦ કલાકે પહોંચશે.

આ પછી બપોરે ૩ વાગે યાત્રા પુનઃ આરંભાશે જે વાવોલથી ગોકુળપુરાથી સે. ૨૫, ૨૬, ૨૭, ૨૪, ૨૮, ૨૩, ૨૯, ૨૨, ૩૦, ૨૧, ૨૦, ૧૯, ૧૭, ૧૬, ૧૫, ૧૪, ૧૩, ૧૨, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩-ન્યુ, ૧ અને સે. ૨ થઈ સે. ૩ ના ચેહરમાતા ખાતે સંપન્ન થશે. આ પરિવર્તન સંકલ્પયાત્રામાં શહેર-જિલ્લાના કોંગ્રેસ આગેવાનો, હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, કાઉન્સીલરો, પંચાતના સદસ્યો, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. સેવાદળના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે.

# એસ.ટી.ના મુસાફરોમાં ઓનલાઈન બુકીંગનો ટ્રેન્ડ

## એક સપ્તાહમાં ૨ હજારે ટીકીટ બુક કરાવી : દિવાળીના પર્વ દરમિયાન વધારાની બસ સેવાને અનુલક્ષી લાંબા રૂટની બસ સેવા માટે મુસાફરોએ ઓનલાઇન બુકીંગનો જ આગ્રહ રાખ્યો

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ લગ્નવર્ધિ ઉપરાંત તહેવારોના દિવસોમાં વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. જેમાં નવરાત અને દિવાળી જેવા પર્વને અનુલક્ષીને પણ ડેપો કક્ષાએથી વિવિધ રૂટમાં વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. દિવાળીના પર્વના એક સપ્તાહ દરમિયાન એસ ટી ડેપો દ્વારા સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના રૂટમાં વધારાની બસ સેવા દોડાવામાં આવી હતી. જેમાં ૨ હજાર જેટલા મુસફરોએ ઓનલાઈન બુકીંગ કરાવ્યુ હતુ. ઓનલાઈન બુકીંગના અંતે ડેપોને ૩.૩૫ લાખની વધારાની આવક થઈ હતી.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા હોળી ધુળેટી તેમજ દિવાળી જેવા પર્વ દરમિયાન વધારાની બસ સેવા દોડાવામાં આવે છે. મુસાફરોની જરૂરિયાતને ધ્યાને લઈ એસ ટી ડેપો દ્વારા વધારાની બસ વિવિધ રૂટમાં દોડાવામાં આવે છે. સામાન્ય રીતે આડા દિવસોની સાપેક્ષમાં તહેવારો દરમિયાન ડેપોમાં ટ્રાફિક વધી જતો હોય છે. જયારે શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસોમાં પણ મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. એસ ટી ડેપો દ્વારા લગ્નવર્ધિ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત સરકારી આયોજનો સંદર્ભે પણ વધારાની બસો ફાળવવામાં આવે છે. જેના લીધે એસ ટી ડેપોને વધુ આવક પણ થાય છે. જયારે કોરોના કાળના ત્રણ વર્ષ દરમિયાન એસ ટી ડેપોએ પણ આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો હતો જયારે છેલ્લા એક વર્ષથી એસ ટી ડેપોના પૈડા પણ ટ્રેક પર સતત દોડતા થઈ ગયા છે. જેના લીધે એસ ટી ની આવક પણ વધી છે. નવરાતના પર્વને અનુલક્ષીને પણ એસ ટી ડેપો દ્વારા અંબાજી, પાવાગઢ સહીતના ધાર્મિક સ્થળોને અનુલક્ષી વધારાની ટ્રીપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેનો મોટી સંખ્યામાં મુસાફરોએ લાભ લીધો હતો. નવરાત બાદ દિવાળી દરમિાન પણ એસ ટી દ્વારા સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના રૂટમાં વધારાની બસ સેવા ઉપલબ્ધ કરાવામાં આવી હતી. જયારે હવે સમય જતા ટ્રેઈન અને વિમાન સેવાની જેમ એસ ટી બસ સેવામાં પણ ઓનલાઈન બુકીંગનો ટ્રેન્ડ મજબુત બન્યો છે. મુસાફરો ઓનલાઈન બુકીંગ કરાવીને રીઝવર્વેશન કરાવી લે છે. દિવાળીના પર્વના સપ્તાહ દરમિયાન અંદાજિત ૨ હજાર જેટલા મુસાફરોએ ઓનલાઈન બુકીંગ કરાવ્યુ છે. જેના લીધે ઓનલાઈન બુકીંગના અંતે એસ ટી ડેપોને વધારાની ૩.૩૫ લાખની આવક થઈ છે. એસ ટી ના મુસાફરો પણ હવે ઓનલાઈન બુકીંગ તરફ વળ્યા છે. જેથી સ્થળ પર ટીકીટ બુકીંગ માટે ઘસારો ઓછો થઈ રહ્યો છે. જેમાં ખાસ કરીને લાંબા રૂટની બસોમાં મુસાફરો ઓનલાઈન બુકીંગ માટે જ આગ્રહ રાખે છે.

# ભાજપે ભારત કી શાન હે ભાજપા દેશ કી પહેચાન હૈ ભાજપાનું ગીત લોન્ચ

## ભાજપની મહિલા કાર્યકરો ગીતના તાલે ઝુમી ઉઠયા



ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે ભાજપ દ્વારા આજે ભારત કી શાન હે ભાજપા દેશ કી પહેચાન હૈ ભાજપા નું ગીત લોન્ચ કર્યું હતું. ગીત લોન્ચ કર્યું તેની સાથે જ ગીત અને સંગીતના તાલે ભાજપની મહિલા કાર્યકરો તાલીઓ ના તાલ સાથે ઝુમી ઉઠ્યા હતા.

પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ દ્વારા અમે બનાવ્યું છે ગુજરાત અભિયાનને લોન્ચ કર્યું હતું. આ પ્રસંગે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર માટે તૈયાર કરવામાં આવેલ બે ગીતને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

ભારત કી પહેચાન હે ભાજપા દેશ કી શાન હે ભાજપા ગીત લોન્ચ કરતા જ ગીત અને સંગીતના તાલે કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપની મહિલાઓ તાલિયો ના તાલે ઝૂમી ઉઠ્યા હતા અને ગરબા રમ્યા હતા.

# હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના કર્મચારીઓના રહેણાંક માટે ગુડા જમીન ફાળવશે

## લેન્ડ ડિસ્પોઝલ એન્ડ પ્રાઈઝ ફીક્સિંગ કમિટી કિંમત નક્કી કરશે

ગાંધીનગર, તા.૭

હાઈ સ્પીડ રેલ્વે કોર્પોરેશન લી ના કર્મચારીઓને રહેણાંકની સુવિધા પુરી પાડવા માટે ગુડા દ્વારા ટીપી સ્કીમ નંબર ૧૯ના રાયસણ, રાંદેસણ, કોબા વિસ્તારમાં ૪૧,૪૧૧ ચોરસ મીટર જમીન ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં બોજા રહિત અને વાણિજ્ય હેતુના વેચાણ માટે નિયત કરાયેલી આ જમીનની કિંમત અંદાજિત રૂ ૨ અબજ જેટલી હોવાનું મનાય છે

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા ટીપી સ્કીમ નંબર ૧૯માં અંતિમ ખંડ નંબર ૩૭૬ની આ જમીન અગાઉ ભારત સરકારના પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય હેઠળ કાર્યરત ડાયરેક્ટર જનરલ ઓફ હાઈડ્રો કાર્બન યુનીટને વર્ષ ૨૦૧૯-૨૦માં ફાળવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનીયમની કલમ ૬૫ અંતર્ગત ટીપી સ્કીમ નંબર ૧૯ને સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૧૦માં મંજુરી આપવામાં આવી હતી. જેના અંતે આ નગર રચના યોજનામાં સતામંડળને સંપ્રાપ્ત થતા જમીનના અનામત ખંડો બોજા રહિત છે અને તંત્ર દ્વારા ઉપરોક્ત જમીનનો પ્રત્યક્ષ કબ્જો પણ લઈ લવાયો છે.

જયારે ફાળવણી માટેની પ્રક્રિયા ગુડા દ્વારા પૂર્ણ કરાયા બાદ ભારત સરકારના પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા નિયત કરાયેલી જમીનની કિંમત પ્રમાણેની રકમ ભરવા પણ જણાવાયું હતું જો કે મંત્રાલયે રકમ ભરી ન હતી. આ મામલે ઈ મેઈલ કરવા છતાં રકમ નહીં ભરતા જમીન ફાળવણીનો હુકમ રદ કરી દેવોયો હતો આ જમીન ફાળવવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો તેવા સંજોગોમાં જમીનનો ભાવ પ્રતિ ચોરસમીટરના રૂપિયા ૪૫ હજાર હતો . જે મુજબ રૂપિયા ૧૮૬.૩૫ કરોડ કિંમત નક્કી થઈ હતી નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનને જમીન ફાળવવા હવે નિર્ણય કરાયો છે . જેને અનુલક્ષીને ગુડાના મુખ્ય કારોબારી અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા છે. જયારે હવે ડિસ્પોઝલ પોલિસી-૨૦૦૨ અન્વયે લેન્ડ ડિસ્પોઝલ એન્ડ પ્રાઈઝ ફિક્સીંગ કમિટી કક્ષાએ જમીનની કિંમત નિયત કરાશે

# સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની કામગીરીમાં ઠાગાઠય્યા

## નવા સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી ઘરેથી કચરો એકત્રિત કરવાની કામગીરી ઠપ્પ થતા રહીશોને ગંદકીથી ગુંગળામણ : શેરી સફાઇના નામે પણ મીંડું : રહીશો આગ બબુલા

ગાંધીનગર તા ૭

શહેરમાં સફાઈ કામગીરી પણ રખડતા ઢોરની જેમ નાટકીય બની ગઈ છે. વર્ષમાં એકાદ વાર ઢોર પકડો ઝુંબેશ હાથ ધરવામાં આવે તેમ સફાઈની કામગીરી નામ પુરતી જ થાય છે. સેકટરોમાં ચોમાસા અને દિવાળી બાદ પણ ગંદકીના દ્રશ્યો યથાવત છે. જયારે છેલ્લા કેટલાક સમયથી કચરો એકત્રિત કરવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. સેકટરવાસીઓ કચરો ભેગો કરી રાખે છે પરંતુ એકત્રિત કરવા માટે કોઈ વાહન જ આવતુ નથી જેના લીધે ગંદકીના ઢગ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. કચરા એકત્રિકરણની કામગીરી અનિયમિત રહેતા સ્થાનિકો આગ બબુલા બન્યા છે.

ગાંધીનગરમાં દિવાળી પર્વના અંતે પણ સેકટરોમાં શેરી સફાઈની કામગીરીના નામે મીંડુ છે. વરસાદી દિવસોના અંતે સેકટરોમાં ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયા હતા જયારે સેકટરોના કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગોની આસપાસ ઉગી નિકળેલા ઘાસ તેમજ વનસ્પિતની પણ સફાઈ કરવામાં આવી નથી સેકટરોમાં કેટલાક ઠેકાણે ચોકકસ જગ્યાએ સફાઈ કરી ઝુંબેશ આટોપી લેવામાં આવી છે. શહેરમાં લાંબા સમયથી શેરી સફાઈના નામે મીડુ છે. સેકટરવાસીઓ ગંદકીની સમસ્યાથી ત્રાહીમામ છે. હાલના દિવસોમાં પણ સફાઈના અભાવે હજુ મચ્છરોનો ત્રાસ યથાવત છે. જયારે કોર્પોરેશન દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઘરે ઘરેથી કચરો ઉઠાવાની કામગીરી પણ અનિયમિત થઈ ગઈ છે. જેના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે. સેકટરોમાં મહાનગરપાલિકા દ્વારા ઘરે ઘરે કચરો એકત્રિક કરવા માટે અગાઉ ડસ્ટબીનનુ પણ વિતરણ કરાયુ હતુ જે મુજબ રહીશો પોતાના ઘર આંગણે ઉકરડા ન થાય તેવા આશયથી કચરો ડસ્ટબીનમાં એકત્રિક કરીને રાખે છે. જયારે કોર્પોરેશન કક્ષાએથી પણ રોજબરોજ સવારે ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવા માટે વાહન દોડાવામાં આવે છે. પરંતુ છેલ્લા ૬ મહીનાથી કચરો એકત્રિત કરવાની આ વ્યવસ્થાને અનુલક્ષીને થોડા થોડા દિવસે ફરિયાદો ઉઠતી રહે છે. નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી સેકટરવાસીઓના ઘરેથી કચરો લેવામાં આવતો નથી જેના લીધે ઘરના કમ્પાઉન્ડમાં ડસ્ટબીન કચરાથી ઉભરતી જોવા મળે છે. આ મામલે સ્થાનિકોએ પણ અનેકવાર રજુઆત કરવા છતા નિયમિત રીતે કામગીરી થતી નથી કોર્પોરેશનના સુત્રોના જણાંવ્યા મુજબ વાહન ખોટવાઈ ગયુ હોવાના લીધે બે ત્રણ દિવસથી કચરો એકત્રિત કરવાની કામગીરી ખોરવાઈ ગઈ છે. ત્યારે સ્થાનિકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યકત કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું : સાહિત્યકાર મોહમ્મદ માંકડ



અમારા પૂજ્ય પિતાશ્રી અને સાહિત્યકાર મોહમ્મદ માંકડનું ૯૪ વર્ષની વયે તા. ૫-૧૧-૨૦૨૨, શનિવારના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૧૦-૧૧-૨૦૨૨, ગુરુવારે સવારે ૯-૦૦થી ૧૧-૦૦ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખ્યું છે.

સ્થળ : બંગલા નં. ૩૫, કલેક્ટર બંગલાની બાજુમાં, સેક્ટર - ૯, ગાંધીનગર-૯

મુનીર માંકડ (પુત્ર) — અસ્માબેન ખલ્યાણી (પુત્રી)
અનીસ માંકડ (પુત્ર) — નિશાતબેન (પુત્રી) અમેરિકા
સુહેલ માંકડ (પુત્ર) — એમ. એન. ખલ્યાણી (જમાઈ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — ASTRAL PIPES — PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT — Birla White THE WHITEST WHITE CEMENT — VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com